# ગાંધીજી, સ્ત્રીઓ અને સ્ત્રી–જીવનની સમસ્યાઓ

ડો. મુકેશકુમાર વી. જોષી
પ્રાધ્યાપક, ઈતિહાસ વિભાગ
એ.આઈ.પી.એસ., આણંદ

**એબસ્ટ્રેકટ**

પ્રસ્તુત પ્રલેખમાં ગાંધીજીના પ્રયત્નો દ્વારા સ્ત્રીઓનો ભારતના આઝાદી સંગ્રામમાં પ્રવેશ, કામ કરતી મહિલાઓના પ્રશ્નો તેમજ તેમની સમસ્યાઓ વિશે વિગતે ચર્ચા કરી છે. સમાજ–સુધારકોના દાયકાઓના પ્રયત્નો જે કાર્ય પાર પાડી શકયા નહીં તે ગાંધીજીના નેતૃત્વ હેઠળની દેશની રાજકીય લડતે ટૂંક સમયમાં સિદ્ધ કર્યું. ગાંધીજીની અહહકારની લડતમાં સ્ત્રીઓના કાર્યને અગ્રસ્થાન હતું. દારૂના પીઠા ઉપર પિકેટિંગ કરતી દેશસેવિકા કે ઘરને ખૂણે બેસી પરદેશી વસ્ત્રોનો ત્યાગ કરતી ગૃહિણી બન્ને રાજકીય લડતમાં સીધો કે આડકતરો ફાળો આપતી હતી. આ બધી પ્રવૃત્તિઓથી સ્ત્રીઓમાં એક નવું સ્વત્વ ઉપસ્થિત થતું હતું. આ જાગૃતિએ તેમનામાં રહેલી આત્મશ્રદ્ધા અને કાર્ય કરવાની સુપ્ત શકિતઓ છતી કરી. અંગ્રેજી વિચારસરણી, નૂતન આર્થિક રચના, સમાજ–સુધારકોના પ્રાથમિક પ્રયાસો અને રાજકીય ચળવળનું પીઠબળ. આ સર્વમાંથી ગાંધીજીના અથાક પ્રયત્નોને કારણે સ્ત્રીઓની જાગૃતિ અને સ્ત્રી–સંસ્થાઓ પરિણમી.

વ્યાવસાયિક ક્ષેત્રે કામ કરતી સ્ત્રીઓ, ખેતરમાં તેમજ ઘરકામ કરતી સ્ત્રીઓ, મધ્યમવર્ગીય સ્ત્રીઓની બેવડી જવાબદારી, ઘરની આર્થિક પ્રવૃત્તિઓમાં સ્ત્રીઓનું યોગદાન, ઔદ્યોગિક ક્રાંન્તિ પછી અર્થરચનામાં ફેરફાર, સ્ત્રીઓના કૌટુંબિક પ્રશ્નો વગેરેની ચર્ચા કરી છે.

અંતમાં શહેરીકરણ, આધુનિકીકરણ તેમજ ઔદ્યોગિકીકરણને કારણે ઊભા થતા સ્ત્રીઓના પ્રશ્નોની ચર્ચા કરવામાં આવી છે. બંધારણ અને રાજનીતિના અન્ય ઘોષણાપત્રો–ઢંઢેરા પ્રમાણે સ્ત્રીનો રાજકીય મોભો ખૂબ જ ઊંચો, પુરુષ સમાન જ છે, છતાં વાસ્તવિક સત્તા માળખામાં આ ઊંચા મોભાનું પ્રતિબિંબ પડતું નથી.

ઉચ્ચ જ્ઞાતિની આર્થિક રીતે સ્વાવલંબી બને તે અંગે અપનાવાયેલ–રૂઢ મૂલ્યો ખરેખરી નારીઉત્કર્ષની દ્રષ્ટિએ વિરોધાભાસી છે. વાસ્તવમાં આર્થિક સ્વાવલંબનથી મોભો વધવો જોઈએ પરંતુ આપણા સમાજમાં અવળી ગંગા વહે છે. 'જે સ્થાનને ગામડિયાઓ જિલ્લાના રાજા જેવું ગણે છે તેવા કલેકટરના સ્થાને એક યુવાન સ્ત્રીની નિમણૂક થતાં ગ્રામ્યજનોને પ્રલયનો આંચકો લાગ્યો હોય એવો અનુભવ થયેલો.' એમ પ્રો. શ્રીનિવાસ નોંધે છે. અર્થાત સ્ત્રી ગમે તેટલી લાયક હોય હોય છતાં ઉચ્ચ પદ હાંસલ ન કરી શકે તેવી માન્યતા રૂઢ છે. બીજા શબ્દોમાં કહીએ

તો સ્ત્રીઓનો આર્થિક મોભો તે કાયદેસર લાયક હોય છતાં સામાજિક પૂર્વગ્રહોને કારણે નાલાયક ઠરે એટલો નીચો છે. સંકુચિતતા ખંખેરી સ્ત્રીઓએ પોતાની જાગૃતિ, તેમની સંગઠનાત્મક અને ચિંતનાત્મક પ્રવૃત્તિઓને વધુ સંગીન બનાવવી જોઈએ.

## ગાંધીજી, સ્ત્રીઓ અને સ્ત્રી–જીવનની સમસ્યાઓ

## રાજકીય લડત અને સ્ત્રીઓની જાગૃતિ

સમાજ–સુધારકોના દાયકાઓના પ્રયત્નો જે કાર્ય પાર પાડી શકયા નહીં તે ગાંધીજીના નેતૃત્વ હેઠળની દેશની રાજકીય લડતે ટૂંક સમયમાં સિદ્ધ કર્યું. ગાંધીજીની અહહકારની લડતમાં સ્ત્રીઓના કાર્યને અગ્રસ્થાન હતું. દારૂના પીઠા ઉપર પિકેટિંગ કરતી દેશસેવિકા કે ઘરને ખૂણે બેસી પરદેશી વસ્ત્રોનો ત્યાગ કરતી ગૃહિણી બન્ને રાજકીય લડતમાં સીધો કે આડકતરો ફાળો આપતી હતી. આ બધી પ્રવૃત્તિઓથી સ્ત્રીઓમાં એક નવું સ્વત્વ ઉપસ્થિત થતું હતું. આ જાગૃતિએ તેમનામાં રહેલી આત્મશ્રદ્ધા અને કાર્ય કરવાની સુપ્ત શકિતઓ છતી કરી. અંગ્રેજી વિચારસરણી, નૂતન આર્થિક રચના, સમાજ–સુધારકોના પ્રાથમિક પ્રયાસો અને રાજકીય ચળવળનું પીઠબળ. આ સર્વમાંથી ગાંધીજીના અથાક પ્રયત્નોને કારણે સ્ત્રીઓની જાગૃતિ અને સ્ત્રી–સંસ્થાઓ પરિણમી.[૧]

સ્ત્રીઓએ ઘરની બહાર વ્યવસાય માટે જવું જોઈએ કે નહીં એ પ્રશ્ન જો કે સંપૂર્ણતઃ હજુ પણ આ તરફ કે પેલી તરફ ઉકેલાયો નથી. છતાં પણ અત્યારને તબકકે તો વ્યાવસાયિક ક્ષેત્રે મરજિયાત કે ફરજિયાત રોકાયેલી સ્ત્રીને મૂંઝવણો અનુભવવી પડે છે, પોતાની સમસ્યાઓ હલ કરવી પડે છે, અને ઘણી વાર બેવડો બોજો સહન કરવો પડે છે. વર્તમાન સંજોગોમાં મજૂર સ્ત્રીને કે પછી ખેડૂત સ્ત્રીને કે પછી મધ્યમવર્ગની સ્ત્રીને ગૃહકાર્ય પણ કરવું પડે છે, બાળકોની સંભાળ પણ લેવી પડે છે, અને બહારના વ્યવસાય માટે આર્થિક મુશ્કેલીઓને કારણે જવું પડે છે. આ સ્ત્રીઓને માથે જે બેવડો બોજો પડે છે– ઘરકામનો અને બહારના વ્યવસાયનો –તે ભારને હળવો કરવાના પ્રયાસો તો કરવા જ રહ્યા. આવી સ્ત્રીઓની મુશ્કેલીનો ઉકેલ આણવાના માર્ગોનો વિચાર કરતાં આ આખી પરિસ્થિતિ શી રીતે ઊભી થઈ તે પણ સમજવું જરૂરી છે.[૨]

વ્યાવસાયિક ક્ષેત્રે, એટલે વેતન મેળવીને બદલામાં વ્યવસાય કરતી સ્ત્રીઓને મુખ્યત્વે આપણે પાંચ વિભાગમાં વહેંચી શકીએઃ પહેલી ખેતમજૂર સ્ત્રી કે જે અનેકવિધ ખેતીનાં કાર્યમાં મદદ કરે છે, બીજું મજૂર સ્ત્રી કે જેને આપણે વર્તમાન ઔદ્યોગિક શહેરોમાંપ રેલવેમાં કે કારખાનામાં કામ કરતી જોઈ શકીએ છીએ. ત્રીજો પ્રકાર છે નીચલા મધ્યમવર્ગની સ્ત્રીઓનો કે જે સ્ત્રીઓ ઓફિસમાં કારકુન તરીકે કે, ટાઈપીસ્ટ તરીકે, દુકાનોમાં વેચાણ ક્રિયામાં રોકાયેલી હોય, કે પછી નર્સ તરીકે કે પ્રાથમિક શાળામાં શિક્ષક તરીકે રોકાયેલી હોય તેવી સ્ત્રીઓ, ચોથો અને પાંચમો પ્રકાર લગભગ સમાંતર છે, જેમાં આપણે ઉપલા મધ્યમ વર્ગની અને ધનિકવર્ગની સ્ત્રીઓને સમાવી શકીએ. આ પ્રકારમાં આપણને એવી સ્ત્રીઓ મળી આવશે કે જેઓએ આર્થિક વ્યવસાય માટે ચોકકસ પ્રકારની તાલીમ લીધી હોય, જેવી કે, શિક્ષિકા, પ્રોફેસર, ડોકટર, વકીલ, એન્જિનિયર વિ. આમ સ્ત્રી વિવિધ

સ્વરૂપે ધારણ કરે છે. મહદ અંશે બેવડા બોજાનો પ્રશ્ન પહેલા ત્રણ વર્ગની સ્ત્રીઓનો અને કંઈક અંશે ઉપલા વર્ગની સ્ત્રીઓનો સ્પર્શે છે.[૩]

આર્થિક પ્રવૃત્તિઓમાં સ્ત્રીઓ, માનવજીવનના ઉષઃકાળથી જ રોકાયેલી છે, પછી ભલે તે સમય જૂનો પોષાણ યુગનો માત્ર અન્ન–સંચયનો હોય કે પછી નવા પાષાણ યુગનો અન્નઉત્પાદનનો સમય હોય, ઉત્પાદન ઓજારોથી થતું હોય કે પછી યંત્રથી થતું હોય પરંતુ આ બધામાં સ્ત્રીઓનો ફાળો સમયાનુસાર આપણે નોંધી શકીએ છીએ. સ્ત્રીઓ શિકારે પણ જતી, છાબડીઓ બનાવતી, માટલા ઉપર આકૃતિ ચીતરતી, કપડાં વણતી કે પછી અનાજ લણવાના કે વાવવામાં મદદ કરતી. આ બધી પ્રવૃત્તિઓમાં સ્ત્રીઓ રોકાયેલી હોવા છતાં પણ આજના જમાનામાં સ્ત્રીઓ–ખાસ કરીને શિક્ષિત સ્ત્રી–જ્યારે વ્યવસાય કરવા જાય છે ત્યારે સમાજના વિચારકો માટે, સમાજના ઘડવૈયાઓ માટે સમસ્યાઓ ઉત્પન્ન કરે છે. આ પરિસ્થિતિના કારણરૂપ મુખ્યત્વે આપણે ઔદ્યોગિક ક્રાન્તિ અને મૂડીવાદી ઉત્પાદન રચના ગણાવી શકીએ. આ પ્રકારની સમાજચરના ઉત્પન્ન થઈ તે પૂર્વે આર્થિક પ્રવૃત્તિનો ત્રણ વિશિષ્ટતાઓ નોંધી શકાય છે. ઉત્પાદનનું કાર્ય મોટે ભાગે ગૃહમાં થતું ઉત્પાદન ઓજારોથી થતું હોવાને કારણે ઘરની ચાર દીવાલોમાં એ સાધનો રાખી ઉત્પાદનની પ્રક્રિયામાં સ્ત્રી સહાયભૂત થઈ શકતી.[૪]

બીજી બાજુ, ઉત્પાદન ઘરમાં થવાને કારણે તેમજ જરૂરિયાતને માટે જ થતું હોવાથી, સ્ત્રી ઘરની બીજી પ્રવૃત્તિઓમાં પણ ભાગ લઈ શકતી અને આર્થિક પ્રવૃત્તિ પણ સાથેસાથે જ કરી શકતી. લોટ દળવાના કાર્ય સાથે કે માટલાં ઘડવાની પ્રક્રિયા સાથે, બાળક ઉપર પણ નજર રાખી શકતી, એક બાજુ તે ભરત ભરતી જાય, અને બીજી તરફ છોકરાના ઘોડિયાની દોરી પણ હીંચોળતી જાય, ચૂલા ઉપર રસોઈ મૂકી અને ઢોર સંભાળવાનું કે પછી કપડાં વણવાનું કાર્ય પણ કરી શકતી. સાદડી કે છાબડી બનાવતાં તે માંદા પુત્રની કે પતિની ચાકરી પણ કરી શકતી.[૫]

ત્રીજી લાક્ષણિકતા પૂર્વ ઔદ્યોગિક ક્રાંતિના ઉત્પાદનની એ નોંધી શકાય કે, સ્ત્રી અનેક વ્યવસાયોમાં મદદ કરતી છતાં પણ તે આર્થિક રચનામાં એ પ્રક્રિયાનું નાણામાં મૂલ્યાંકન થતું નહીં. પોતાના પતિને ખેતીમાં મદદ કરવા માટે કે કારીગર પતિને બાંધણી બાંધી આપવા માટે, તેને નાણાં ચૂકવવામાં આવતાં નહીં. ટૂંકાણમાં, એનાં કાર્યનો નાણાં સાથે વિનિમય થતો નહીં– નિદાન બધી જ આર્થિક પ્રવૃત્તિ નાણાંથી મૂલવાતી નહીં.[૬] આ બધી દૃષ્ટિએ ઔદ્યોગિક ક્રાન્તિ પછી અર્થરચનામાં ઘણો જ તફાવત પડયો. યાંત્રિક સહાયથી ઉત્પાદન થતું હોવાને કારણે ઉત્પાદનની પ્રક્રિયા ઘરમાં નહીં પરંતુ બહાર કારખાનામાં થવા માંડી, આથી ઉત્પાદન ક્રિયામાં જે વ્યકિત રોકાયેલી હોય–પછી પુરુષ કે સ્ત્રી તેને ઘરની બહાર જ જવું પડે. સ્ત્રીને પણ કોઈ પણ પ્રકારના વ્યવસાયમાં રોકાવું હોય તો ભાગ્યે જ ઘરમાં રહી તે કરી શકે. આને કારણે પહેલાંની સ્ત્રી બે પ્રવૃત્તિઓનો–ગૃહકાર્ય અને આર્થિક પ્રવૃત્તિ–સુમેળ સાધી શકતી તે વર્તમાન નારી કરી શકતી નથી. કાર્ય કરવું હોય તો ઘર બહાર નીકળવું જ

પડે–અને એટલે, ઘરની, પતિની કે બાળકની બધી જ પ્રવૃત્તિઓમાંથી નિકાદ થોડા સમય માટે તો અળગા થવાનું. બીજી એક વસ્તુ પણ નોંધવાની કે, વર્તમાન જીવનમાં બધી જ આર્થિક પ્રવૃત્તિઓનું નાણાકીય મૂલ્યાંકન થાય છે.[૭] ઉત્પાદનની પ્રક્રિયામાં જેમ ફેર પડયો છે તેમ વ્યવસાય કરનાર વર્ગમાં પણ ફેર પડયો છે. પહેલાં સ્ત્રીઓ વ્યાવસાયિક કાર્ય કરતી, પરંતુ મોટા ભાગની સ્ત્રીઓ નીચલા વર્ગની હતી. આ પરિસ્થિતિ લભભગ ૧૯મી સદીના અંત સુધી રહી. વીસમી સદીમાં મુખ્યત્વે પહેલા વિશ્વયુદ્ધ પછી યુરોપ, અમેરિકામાં અને બીજા વિશ્વયુદ્ધ પછી ભારત અને એશિયાના બીજા પ્રદેશોમાં મધ્યમ વર્ગના સ્ત્રીઓ વધારે સંખ્યામાં વ્યાવસાયિક ક્ષેત્રે પ્રવેશ કરવા માંડી. નવી વૈજ્ઞાનિક સમજ સાથે ગૃહકાર્ય, બાળઉછેર વગેરે પ્રશ્નો વધારે અગત્ય ધારણ કરવા લાગ્યા. અને વ્યવસાયમાં વધારે ભાગ શિક્ષિત સ્ત્રીઓનો હોવાને કારણે, તથા આ સ્ત્રીઓ સમાજના જાગૃત વર્ગની પ્રતિનિધિ હોવાને કારણે પણ આ સ્ત્રીઓના પ્રશ્નો, માંગ, જરૂરિયાત વગેરે સમાજના ઘડવૈયાઓનું ધ્યાન વધારે ખેંચે એ નિર્વિવાદ છે. Alva Myodol તથા Viola Klein તેમનાં Woman's to role ના પુસ્તકમાં આ વિશે લખતાં જણાવે છે, કે એકાદ મજૂર વર્ગની કે કારકુનની કામ કરતી સ્ત્રી ઘરની જવાબદારીને કારણે નોકરી છોડી દે તો તેની અસર સમાજ ઉપર બહુ નથી પડતી, પરંતુ કોઈ પ્રાધ્યાપિકા કે સ્ત્રી ડોકટર ઘરની મુશ્કેલીઓને માટે વ્યવસાય મૂકી દે તો પ્રત્યાઘાતો વર્ગો એના દાખલા તરત ટાંકવાના.[૮]

આમ, અનેકવિધ કારણોને લીધે મધ્યમવર્ગની સ્ત્રીનો વ્યવસાય પ્રવેશ અનેક નવા પ્રશ્નો ઉત્પન્ન કરે છે, એક ત્રીજા પ્રકારની નવી પરિસ્થિતિ પણ આ સમય દરમિયાન ઉભી થઈ છે. પહેલાં મોટે ભાગે વ્યવસાય કરતી સ્ત્રી ફરજિયાત રીતે જ આ કાર્યમાં રોકાતી, બાકી મોટે ભાગે સ્ત્રીનું કાર્ય ગૃહસત્રભાળ અને બાળઉછેરમાં સમાઈ જતું. પરંતુ નવી વિચારસરણી અને નવી વ્યકિતસ્વાતંત્ર્યની ભાવનાને પરિણામે સ્ત્રી માત્ર ફરજિયાત રીતે વ્યવસાયમાં નથી જતી. પરંતુ મરજિયાત રીતે પણ જવા માંડી છે. આર્થિક મુશ્કેલીઓને કારણે તો મોટા ભાગની સ્ત્રીઓને વ્યવસાય કરવો જ પડે છે, પરંતુ વ્યકિતસ્વાતંત્ર્યની ભાવનાને કારણે કે પછી સમાજ પરત્વે ઋણ અદા કરવાને માટે કે કેળવણી વેડફાઈ ન જાય માટે આજે અનેક સ્ત્રીઓ વ્યાવસાયિક ક્ષેત્રે રોકાયેલી છે.[૯]

સ્ત્રીઓનો વ્યવસાય પ્રવેશ, અનેક પ્રશ્નો ઊભા કરે છે. દા.ત. કૌટુમ્બિક સંબંધમાંથી ઉપસ્થિત થતા પ્રશ્નો, બાળકો પરતવેની જવાબદારી અંગેના પ્રશ્નો, સ્વાતંત્ર્યની ભાવનામાંથી ઉપસ્થિત થતી સમસ્યાઓ વગેરે. પરંતુ આપણા વિચારોનું મુખ્ય કેન્દ્ર તો, એ છે કે વ્યવસાય કરતી સ્ત્રી પછી તે પત્ની હોય કે પુત્રી હોય, એ છે કે વ્યવસાય કરતી સ્ત્રી પછી તે પત્ની હોય કે પુત્રી હોય, બહેન હોય કે બીજા કોઈ પણ સગપણની અધિકારિણી હોય, તે સ્ત્રીને જે બેવડો બોજો સહન કરવો પડે છે તેનું શું કરવું? વ્યવસાય પણ કરવાનો અને સાથે ગૃહજીવનના તાણાવાણામાં પણ ગૂંથાવાનું હોય છે. ઓફિસમાં વખતસર પહોંચવાનું પણ હોય અને રસોઈ પણ કરવી પડે. શાળા–કોલેજમાં પરીક્ષા ચાલતી હોય અને ઘેર માંદગી પણ હોય, ઓફિસે જવાનો સમય થઈ ગયો હોય અને ઘેર મહેમાન આવ્યા હોય. આમ, અનેક પ્રકારનાં કાર્યો સ્ત્રીને કરવા પડે છે, તો તેમાંથી સ્ત્રીના વ્યકિતત્વને આંચ ન આવે તેને માનસિક તેમજ શારીરિક રીતે પણ બોજો ન પડે એવો સરળતાનો માર્ગ શું હોઈ શકે?[૧૦]

પશ્ચિમમાં આ પ્રશ્નોની ઉગ્રતા ઘણી જૂની છે. ભારતમાં બીજા વિશ્વયુદ્ધ પછી આ પ્રશ્નો વધારે ઉત્કટતા ધારણ કરે છે. પશ્રિમમાં આ પ્રશ્નો ઉકેલવાને માટે શું માર્ગો લેવામાં આવ્યા છે તેનો સહજ ઉલ્લેખ કરીશ. કહેવાનો ભાવાર્થ એ છે કે આપણે બધું જ ત્યાંનું અપનાવવું નથી, પરંતુ સામાજિક જીવનની અટપટી જાળમાં કોઈ પણ સમૂહનો અનુભવ તે અન્ય સમૂહો માટે પ્રયોગરૂપ બની શકે છે. પશ્ચિમના મૂડીવાદી ઉદ્યોગપ્રધાન દેશોમાં આ પ્રશ્ન ઉકેલવાના અનેક પ્રયત્નો થયા છે.[૧૧]

સૌથી પહેલી હકીકત જે આપણી નજર સમક્ષ આવે છે તે, ધીમે ધીમે ત્યાંના યુવાન પુરુષ વર્ગની ગૃહકામમાં સહાય આપવાની વૃત્તિ. જમવાની રકાબીઓ ધોવાનું, કે ઘરનાં બીજાં નાનાંમોટાં કાર્યો કરવામાં ઘરના પુરુષો યોજનાપૂર્વક મદદ કરતા હોય છે. આ બધી સહાય કેટલીક વાર તો એવા સ્વરૂપની હોય છે કે જેનાં કટાક્ષ ચિત્રો પણ દોરવામાં આવે છે. [૧૨]

બીજી નોંધપાત્ર વસ્તુ તે વૈજ્ઞાનિક સાધનોનો બહોળો પ્રચાર છે. અનેક નાનાંમોટા કાર્યોને માટે ત્યાત્ર સાધનો (Gadgets)નો સવલત હોય છે. આને લીધે ગૃહકાર્ય વધારે સરળ બને છે. ઉપરાંત ઘણી બધી વસ્તુઓ પરદેશમાં તૈયાર મળતી હોવાથી ગૃહરાજ્ઞીને રસોઈ માટે માત્ર બજારમાંથી ડબ્બાઓ લાવીને ગરમ જ કરવાના હોવાને કારણે તેનો રસોઈનો મોટા ભાગનો સમય બચી જાય છે.[૧૩]

**સમસ્યાઓ**

આઝાદ ભારતમાં અપનાવાયેલી નીતિઓ અને તેના અમલને કારણે નારીજીવનના વિવિધ પાસાંઓ પર પડેલી અસરનું વિહંગાવલોકન કેટલી સમસ્યાઓની વિચારણા જરૂરી બનાવે છે, કે જેના વિના સ્ત્રીના મોભાનો ખરો ખ્યાલ આવવો મુશ્કેલ છે.

પ્રથમ પ્રશ્ન કાયદેસર કે આગેવાનો દ્વારા સ્વીકારાયેલા મોભા અને વાસ્તવિક મોભા વચ્ચેના તફાવતનો છે. બંધારણ અને રાજનીતિના અન્ય ઘોષણાપત્રો–ઢંઢેરા પ્રમાણે સ્ત્રીનો રાજકીય મોભો ખૂબ જ ઊંચો, પુરુષ સમાન જ છે, છતાં વાસ્તવિક સત્તા માળખામાં આ ઊંચા મોભાનું પ્રતિબિંબ પડતું નથી. ઉચ્ચ જ્ઞાતિની આર્થિક રીતે સ્વાવલંબી બને તે અંગે અપનાવાયેલ–રૂઢ મૂલ્યો ખરેખરી નારીઉત્કર્ષની દૃષ્ટિએ વિરોધાભાસી છે. વાસ્તવમાં આર્થિક સ્વાવલંબનથી મોભો વધવો જોઈએ પરંતુ આપણા સમાજમાં અવળી ગંગા વહે છે. 'જે સ્થાનને ગામડિયાઓ જિલ્લાના રાજા જેવું ગણે છે તેવા કલેકટરના સ્થાને એક યુવાન સ્ત્રીની નિમણૂક થતાં ગ્રામ્યજનોને પ્રલયનો આંચકો લાગ્યો હોય એવો અનુભવ થયેલો.' એમ પ્રો. શ્રીનિવાસ નોંધે છે. અર્થાત સ્ત્રી ગમે તેટલી લાયક હોય હોય છતાં ઉચ્ચ પદ હાંસલ ન કરી શકે તેવી માન્યતા રૂઢ છે. બીજા શબ્દોમાં કહીએ તો સ્ત્રીઓનો આર્થિક મોભો તે કાયદેસર લાયક હોય છતાં સામાજિક પૂર્વગ્રહોને કારણે નાલાયક ઠરે એટલો નીચો છે.[૧૪] સંકુચિતતા ખંખેરી સ્ત્રીઓએ પોતાની જાગૃતિ, તેમની સંગઠનાત્મક અને ચિંતનાત્મક પ્રવૃત્તિઓને વધુ સંગીન બનાવવી જોઈએ.

**પાદનોંધ**

૧.દેસાઇ,અક્ષરકુમાર અને દેસાઇ, નીરા (સં),(૧૯૮૦).ભારતની સ્ત્રીનો પલટાતો દરજ્જો, આર.આર.શેઠની કંપની, અમદાવાદ, પૃ.૯૮
૨. એજન, પૃ.૪૭–૪૮
૩.એજન, પૃ.૪૮
૪.એજન, પૃ.૪૮–૪૯
૫.એજન, પૃ.૪૯
૬.એજન, પૃ.૪૯
૭.એજન, પૃ.૪૯–૫૦
૮.એજન, પૃ.૫૦–૫૧
૯.એજન, પૃ.૫૧
૧૦. એજન, પૃ.૫૧–૫૨
૧૧. એજન, પૃ.૫૨
૧૨. એજન, પૃ.૫૨
૧૩. એજન, પૃ.૫૨
૧૪. એજન, પૃ.૩૦–૩૧